અપીલ અરજી નં.૩૬૩ તા.૬–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિનેશભાઈ બી. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ બી. બ્રહમભટ્ટની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી (૧) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ પર કેટલા લારીગલ્લા અને કેબીનો આવેલા છે. (૨) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ જાહેર થયા પછી આ વિસ્તારમાંથી કેટલા લારીગલ્લા તથા કેબીનો ઉચકી દબાણ હટાવવામાં આવ્યું તે અંગેની કાર્યવાહી અને તેઓ પાસેથી કેટલો દંડ કે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે. (૩) ઉધના ઝોનમાં ગુમાસ્તાધારાનું પાલન થાય છે તો તેની કાર્યવાહી બાબતે વિગત અને નથી થતું તો તે બાબતે વિગત. (૪) ગુમાસ્તાધારાના નિયમ પ્રમાણે કામદારોના વિમા બાબતે શું અને કેટલી કાર્યવાહી ઉદ્યોગો વિરૂધ્ધ કરી છે. તેની વિગત કામદારોના વિમા બાબતે એસ.એમ.સી અને ઉદ્યોગો ગંભીર છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૩/૨૦૦૯–૧૦

શ્રી દિનેશભાઈ બી. બ્રહમભટ્ટની તા.૨૪–૧૧–૦૯ નીઅરજીથી (૧) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ પર કેટલા લારીગલ્લા અને કેબીનો આવેલા છે. (૨) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ જાહેર થયા પછી આ વિસ્તારમાંથી કેટલા લારીગલ્લા તથા કેબીનો ઉચકી દબાણ હટાવવામાં આવ્યું તે અંગેની કાર્યવાહી અને તેઓ પાસેથી કેટલો દંડ કે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે. (૩) ઉધના ઝોનમાં ગુમાસ્તાધારાનું પાલન થાય છે તો તેની કાર્યવાહી બાબતે વિગત અને નથી થતું તો તે બાબતે વિગત. (૪) ગુમાસ્તાધારાના નિયમ પ્રમાણે કામદારોના વિમા બાબતે શું અને કેટલી કાર્યવાહી ઉદ્યોગો વિરૂધ્ધ કરી છે. તેની વિગત કામદારોના વિમા બાબતે એસ.એમ.સી અને ઉદ્યોગો ગંભીર છે કે કેમ? તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૫૫૩ તા.૧૮/૧૨/૦૯ થી આપેલ માહિતી અપુરતી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૨ તા.૨૮–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના) તથા અરજદારને અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ મુળ અરજીથી પૂરક છે તેમ છતાં અરજીના મુદ્દા નં.૧ થી ૪ સંદર્ભે કઈ માહિતી મળેલ નથી અને મળેલી માહિતી અંગે નારાજગી બાબતે સ્પષ્ટતા કરવા તથા મુદ્દા નં.૩ અને ૪ માં ચોકકસ શું માહિતી માંગેલ છે તે પણ સ્પષ્ટ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩–૨–૧૦ ના રોજ નમુના 'જ' માં ફોર્મ ભરી મુદ્દા નં.૩ અને ૪ ની તથા લારી ગલ્લાની માહિતી પૂરી પાડવા અરજ કરેલ તે સિવાય કોઈ વિગતો અરજદારે આપેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/૫૫ તા.૯–૨–૧૦ ની નકલ તથા પત્ર નં.સા.ઝોન/આ.નં.૬૦ તા.૧૦–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પત્ર નં.સા.ઝોન/૧૯૦૨ તા.૮–૨–૧૦ ની નકલસહ મળેલ છે. જેની સાથે અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટે.ક/૫૫૫૩ તા.૧૮–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક/૫૫૫૩ તા.૧૮–૧૨–૦૯ થી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આપવામાં આવેલ છે તથા પૂરક વિગતોમાં નં.સા.ઝોન/૫૫ તા.૯–૨–૧૦ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપવામાં આવેલ છે. (૧) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ પર કેટલા લારીગલ્લા અને કેબીનો આવેલા છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ અનુસાર સાઉથઝોન ઉધના દરવાજાથી ઉન સુધી "૦" રોડ ઉપર હોકીંગઝોન અંતર્ગત કુલ્લે ૩૩ જગ્યા લારી ગલ્લા માટે ફાળવવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) ઉધના દરવાજાથી ઉન સુધીના જીરો રોડ જાહેર થયા પછી આ વિસ્તારમાંથી કેટલા લારીગલ્લા તથા કેબીનો ઉચકી દબાણ હટાવવામાં આવ્યું તે અંગેની કાર્યવાહી અને તેઓ પાસેથી કેટલો દંડ કે વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ૨ વર્ષમાં કુલ્લે ૪૮૯ લારી ગલ્લા હટાવીને કુલ્લે ૧૬૮૧૦૦/– નો ચાર્જ વસુલવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૬–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી અપીલના મુદ્દા નં.૧ બીપીએમસી એકટ પ્રમાણે "૦" દબાણમાં ઉચકેલ લારી ગલ્લા કેબીનોનો દંડ વસુલ કરવાનો પ્રશ્ન થતો નથી અને સાથે લારી ગલ્લા હટાવી ચાર્જ વસુલ કર્યો છે તે ગેરકાયદેસર છે કે કેમ? "૦" રોડમાં લારી ગલ્લા કેબીનો પાછા અપાતા નથી જે કાયદાનો આપે અમલ કર્યો છે કે કેમ? નથી કરેલ તો તેનું કારણ આપશો. "૦" રોડ દબાણમાં ૩૩ જગ્યા લારી ગલ્લા માટે ફાળવવામાં આવેલ છે. તો તે જગ્યાઓ અને તે જગ્યાઓ ઉપર કેટલા કેટલા લારી ગલ્લાની પરવાનગી છે તેના નામ સહિતની વિગત આપવી. જે અરજદારે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. અપીલના

મુદ્દા નં.૨. માં અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૩ માં ગુમાસ્તાનું પાલન થાય તો તેની કાર્યવાહી બાબતે કોઈ ખુલાસો નથી તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં જણાવેલ વિગતે તા.૯–૨–૧૦ ના રોજ અરજદારને માહિતી આપી જણાવેલ છે કે સાઉથઝોન ઉધના ખાતે ફરજ બજાવતાં ગુમાસ્તાધારા નિરીક્ષક ધ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં ગુમાસ્તાધારાનું પાલન કરાવવામાં આવે છે. અપીલના મુદ્દા નં.૩ ગુમાસ્તાધારા નિયમ પ્રમાણે વિમા બાબતે શું? કેટલી કાર્યવાહી ઉદ્યોગો વિરુધ્ધ કરી છે. તેની વિગત અને વિમા બાબતે સુરત મહાનગરપાલિકાએ ઉદ્યોગો ઉપર શું ગંભીર પગલા લીધા છે તે વિગત આપી નથી તેવી અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૪ ની રજૂઆત કરેલ છે. જે મુદ્દા અંગે પણ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં આ માહિતી અંગે અરજદાર સ્પષ્ટ નથી તેમ છતાં ગુમાસ્તાધારા નિરીક્ષક ધ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં નિરીક્ષણ કરવામાં આવે છે અને લાયકાત ધરાવતા કર્મચારી માટે વિમા ફાળાની રકમ જમા કરાવવા બાબતે સ્થળ નિરીક્ષક નોંધ આપવામાં આવે છે. જો નિયત સમયમાં ફાળો જમા કરાવવામાં ન આવે તો જે તે સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. અને આ અંગે કોર્ટ રજીસ્ટર રાખવામાં આવેલ છે. વધુમાં જો અરજદાર રજીસ્ટરની ચકાસણી કરવા માંગતા હોય તો તા.૧૧–૨–૧૦ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ઉધનાઝોનના ગુમાસ્તાધારા ખાતામાં હાજર રહી દફતરની ચકાસણી કરી જવા અને જણાવેલ તે નકલો નિયત દસ્તાવેજ ફી ભરીને પૂરી પાડવા તૈયારી પણ દર્શાવતો પત્ર અરજદારને પાઠવેલ જણાય છે. જે અનુસાર ઈન્સ્પેકશન માટેનો ચાર્જ પ્રથમ અડધો કલાક માટે વિના મૂલ્યે અને તે પછીના પ્રત્યેક અડધા કલાકના રૂા.૨૦/– છે. તથા દસ્તાવેજની નકલ ફીના પ્રત્યેક નકલ દીઠ રૂા.૨/– ભરવાના રહેશે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. આમ અરજદારના મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પણ અરજદારને ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો જાહેર માહિતી અધિકારી પક્ષે અપીલ દરમ્યાન થયાનું સૂચવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિ કરેલ અલાયદા પ્રશ્ન બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી દિનેશભાઈ બી. બ્રહમભટ્ટ